# સુરત મહાનગરપાલિકા

## યુ.સી.ડી. વિભાગ

## અખબારી યાદી

**વહીવટી ભવન, નોર્થઝોન (કતારગામ) ગજેરા સ્કુલની પાછળ,રામજીકૃપા રો–હાઉસની બાજુમાં કતારગામ–સુરત મહાનગરપાલિકા દ્વારા 'સેવાસેતુ' કાર્યક્રમનુ આયોજન કરવામાં આવેલ.**

રાજય સરકારશ્રી દ્વારા અમલીકૃત અનેકવિધ લોકઉપયોગી યોજનાઓ પ્રવૃતિઓ તથા વહિવટ પ્રત્યે પ્રજાના પ્રશ્નોનો ન્યાયીક ચોકકસ તથા ઝડપી ઉકેલ આવે તેમજ રાજયના વહિવટમાં પારદર્શીતા વધે તે હેતુથી નાગરીકોની વ્યકિતલક્ષી યોજનાઓ સંલગ્ન વિભાગો દ્વારા સ્થળ ઉપર જ ઉકેલ લાવી શકાય તે હેતુસર ***તા.૦૭/૧૨/૨૦૧૯ ના રોજ*** સવારે ૦૯:૦૦ થી ૦૫:૦૦ કલાક દરમ્યાન **વહીવટી ભવન, નોર્થઝોન (કતારગામ) ગજેરા સ્કુલની પાછળ,રામજીકૃપા રો–હાઉસની બાજુમાં કતારગામ–*સુરત*** ખાતે સુરત મહાનગરપાલિકા દ્વારા 'સેવાસેતુ' કાર્યક્રમનુ આયોજન કરવામાં આવેલ હતુ.

આ કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે સેવાસેતુ કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવેલ. આ કાર્યક્રમમાં પ્રાસંગીક ઉદબોધન કરતા સ્ટેન્ડીંગ કમિટિ ચેરમેનશ્રી અનિલભાઈ ગોપલાણી ધ્વારા જણાવવામાં આવ્યુ કે લોકો માટે નરેન્દ્રભાઈની સરકારે સિંગલ વિન્ડો સીસ્ટમની શરૂઆત કરેલ છે. જેમાં લાભ લેવા લાભાર્થીઓએ જરૂરી દસ્તાવેજો સાથે લઈને આવવા જણાવેલ છે. જે કરીને વધારે લોકો તેનો લાભ લઈ શકે છે. સ્વાગત પ્રવચનમાં નગરનિયોજન સમિતિના અધ્યક્ષશ્રી રમેશભાઈ ઉકાણી ધ્વારા પણ વધારે લોકો સેવાસેતુ કાર્યક્રમનો લાભ લઈ શકે તેવું જણાવવામાં આવ્યુ. આજનો સમય બદલાયો છે,કે સરકારશ્રીની યોજનાઓના લાભ,પ્રમાણપત્ર,સર્ટી,કાર્ડ વગેરે મેળવવા સરકારી વિભાગો સુધી જવુ પડતુ નથી પરંતુ સેવાસેતુ કાર્યક્રમ ધ્વારા લોકોનો સમય બચી રહે છે અને લોકોને સરળતાથી લાભ પ્રાપ્ત કરી રહયા છે.આ કાર્યક્રમને ઉત્સવ ગણીને લોકોએ વધુમાં વધુ લોકો લાભ મેળવે એવી આશા વ્યકત કરી.

આ સેવાસેતુ કાર્યક્રમમાં વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, વિવિધ વોર્ડના મ્યુ. સદસ્યશ્રીઓ તથા સુરત મહાનગરપાલિકાના અધિકારીઓએ ઉપસ્થિત રહી લાભાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.સદર સેવાસેતુ કાર્યક્રમની આભારવિધિ મ્યુ. સદસ્ય શ્રીમતી અનિતાબેન દેસાઈ ધ્વારા કરવામાં આવેલ હતી.

સેવાસેતુ કાર્યક્રમમાં વિવિધ વિભાગો જે કે મહેસુલ વિભાગ, સમાજ કલ્યાણ વિભાગ, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સીટી સર્વે સુપ્રીટેન્ડન્ટ, સમાજ સુરક્ષા વિભાગ, પુરવઠા વિભાગ તથા સુરત મહાનગર પાલીકાના ગુમાસ્તા વિભાગ, વ્યવસાય વેરા વિભાગ, આકારણી/વસુલાત/પ્રોપર્ટી ટેક્ષ વિભાગ, આર.સી.એચ. વિભાગ, વિવિધ બેંકો, શ્રમિક કલ્યાણ બોર્ડ, આરટીઓ, વગેરે દ્વારા દિવસ દરમ્યાન કુલ **2975** લાભાર્થીઓએ આવકનો દાખલો, ક્રિમીલેયર સર્ટી., પંચનામાં, ધાર્મિક લઘુમતિ પ્રમાણપત્ર, વિધવા સહાય, વૃધ્ધ સહાય, જાતિના દાખલા, બાજપાઈ બેંકેબલ યોજના, માનવ કલ્યાણ યોજના, દિવ્યાંગ સર્ટી., મા વાત્સલ્ય કાર્ડ, મા અમૃતમ કાર્ડ જેવી વિવિધ રજુઆતોનો સ્થળ પર નિકાલનો લાભ મેળવેલ. તે સંદર્ભે લોકો પણ ઘણી પ્રસન્નતાની લાગણી વ્યકત કરતા જોવા મળ્યા તેમજ એકજ સ્થળ પરથી રજુઆતોના નિકાલ માટેના આ 'સેવાસેતુ' કાર્યક્રમના આયોજન, વિસ્તારના રહીશો દ્વારા ખુબ જ પ્રેરક પ્રતિસાદ મળેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા
સમાચાર યાદી નં. ૫૬૮
તા. ૦૭/૧૨/૨૦૧૯




સુરત

